©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] WEDNESDAY, 22nd JULY, 2026/ASHADHA 31, 1948 [No. 5627

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯

[જુઓ નિયમ ૨૬ (૯)]

નગર રચના યોજના નં.૪૯(છાણી)

પ્રારંભિક યોજના

ક્રમાંક : ન.ર.યો.નં. ૪૯(છાણી)પ્રા.યો./એવોર્ડ/૩૨૬૦.–ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૨ ની પેટા કલમ(૧) ની જોગવાઈઓ પ્રમાણે તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ(૯) અનુસાર નગર રચના અધિકારી તરીકેના નગર રચના યોજના નં. ૪૯(છાણી)ની પ્રારંભિક યોજના અંગેના મારા નિર્ણયો તા. ૦૯-૦૭-૨૦૨૬ ને ગુરુવારના રોજ જાહેર કર્યા છે.

સદરહું કાયદાની કલમ-૫૨ ની પેટા કલમ(૨) તેમજ કલમ-૬૪ ની જોગવાઈઓ અનુસાર પ્રારંભિક યોજના સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ(૯) ની જોગવાઈ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમૂનો-“૬” ની નકલ યોજનામાં સમાવિષ્ટ દરેક જમીન માલિકશ્રીઓને તેમજ તેમાં હિત ધરાવનાર વ્યકિતઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોકત પ્રારંભિક યોજનાની સંપૂર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદરહું યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તારીખ : ૦૯-૦૭-૨૦૨૬
સ્થળ : વડોદરા

પાર્થ કે. પટેલ
નગર રચના અધિકારી
નગર નિયોજક-૧
વડોદરા નગર રચના યોજના
વડોદરા

કચેરીનું સરનામુ :

પ્રવર નગર નિયોજકશ્રી ની કચેરી, વડોદરા નગર રચના યોજના,
જુની વોર્ડ ઑફિસ નંબર. ૦૯, સુભાનપુરા સબ પોસ્ટ ઑફિસની પાછળ,
હાઈ ટેન્શન રોડ, સુભાનપુરા, વડોદરા, ૩૯૦૦૨૩.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.07.23 17:29:05 IST